**મે.સુરતના ચોથા એડી.ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, સુરત**

**<u>સેશન્સ કેસ નંબર–૮૭૨/૨૦૨૨</u>**

**<u>આંક–૨૫ ની અરજી લગત હુકમ.</u>**

(૧) હાલના આરોપી–મોહમદ ઈબ્રાસ ઉર્ફે ફૈયુ સુકરી અમીનભાઈ બરફવાલા, સાબરમતી જેલ, અમદાવાદ ખાતે જયુડિશિયલ કસ્ટડીમાં હોય અને તેઓની વિરુદ્ધમાં લાલગેટ પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજિ. નંબર–૧૧૨૧૦૦૬૧૨૨૦૨૭૪/૨૦૨૨ થી આઈ.પી.સી.કલમ–૩૦૨, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી)(એ), ૨૭, ૩ મુજબનો ગુનો નોંધાયેલ અને તે ગુનાના કામમાં આરોપી જયુડિશિયલ કસ્ટડીમાં રાખવામાં આવેલા છે.

(૨) આરોપીના વિ.વ.શ્રીએ તેવી રજૂઆત કરેલી કે, આ કેસમાં અગાઉ અધિક્ષકશ્રીની કચેરી, લાજપોર મધ્યસ્થ જેલ, સુરત દ્વારા તારીખ ૧૯/૧૨/૨૦૨૩ ના રોજ ઉપરોકત આરોપીની વહીવટી કારણોસર અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે બદલી કરવા અંગેની મંજૂરી આપવા અરજી કરેલી. જે અન્વયે નામદાર કોર્ટે બંને પક્ષોને સાંભળી, તારીખ ૧૬/૦૧/૨૦૨૪ ના રોજ આરોપીને પૂરતા જાપ્તા સાથે સેન્ટ્રલ જેલ, સાબરમતી, અમદાવાદ ખાતે ટ્રાન્સફર કરવાનો હુકમ કરેલો છે. તેઓએ વધુમાં તેવી રજૂઆત કરેલી કે, હાલના સેશન્સ કેસમાં આરોપી વિરુદ્ધ ચાર્જ ફ્રેમ થઈ ગયેલ છે અને મેટર પુરાવા પર મુલતવી છે તેમજ પુરાવા દરમ્યાન સાહેદની ઓળખ અંગે મહત્વની તકરાર રહેલી છે. આ સંજોગોમાં દર મુદતે આરોપીને સેન્ટ્રલ જેલ, સાબરમતી, અમદાવાદથી આ અદાલત સમક્ષ સુરત મુકામે લાવવામાં સમયનો ખૂબ જ વ્યય થાય તેમ છે. તે સંજોગોમાં હાલના આરોપીની જેલ ટ્રાન્સફર કરી, સુરત નજીક આવેલ કોઈ પણ જેલમાં અથવા ફરીથી ઈન્સાફી કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી લાજપોર મધ્યસ્થ જેલ, સુરત મુકામે

ટ્રાન્સફર કરવા રજૂઆત કરેલ.

(૩) હાલની અરજી અન્વયે અધિક્ષકશ્રી, લાજપોર મધ્યસ્થ જેલ, સુરત દ્વારા આંક–૩૫ થી અભિપ્રાય રજૂ કરેલ છે. જેમાં તેઓએ હાલના આરોપી પાકા કેદીને લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતેથી જેલની શિસ્ત, સલામતી અને વહીવટી કારણોસર મધ્યસ્થ જેલ, અમદાવાદ ખાતે જેલ બદલી કરવામાં આવેલ તેમજ કેદીનો પૂર્વ ગુનાહિત ઈતિહાસ તથા ગુનો કરવાની માનસિકતા ધરાવતા હોવાથી અને આરોપી સુરતના વતની હોવાથી લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે કેદીને રાખવા હિતાવહ થતા ન હોય અને તેઓએ નકારાત્મક અભિપ્રાય મોકલાવેલ.

(૪) આ કામમાં આરોપીના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા આંક–૩૫ થી રજૂ થયેલ જેલરશ્રી, લાજપોર મધ્યસ્થ જેલ, સુરતનો અભિપ્રાય વંચાણે લીધેલ તેમજ મૂળ ફરિયાદીના વિ.વ.શ્રીની રજૂઆત પણ ધ્યાનમાં લીધેલ.

(૫) આ કામનું રેકર્ડ ધ્યાને લેતાં આરોપી વિરુદ્ધ લાલગેટ પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજિ. નંબર–૧૧૨૧૦૦૬૧૨૨૦૨૭૪/૨૦૨૨ થી આઈ.પી.સી.કલમ–૩૦૨, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી)(એ), ૨૭, ૩ મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે અન્વયે પોલીસ અધિકારી દ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે અને જે મુજબ ચાર્જશીટમાં કુલ ૫૯ સાહેદો દર્શાવેલા છે. હાલના આરોપી મધ્યસ્થ જેલ, સાબરમતી, અમદાવાદ ખાતે હોય અને તેઓ વિરુદ્ધની ટ્રાયલ આ અદાલત સમક્ષ ચાલતી હોય તેમજ આરોપીની ઓળખ અંગે મહત્વના પ્રશ્નો સંડોવાયેલા જણાય છે. વધુમાં, આરોપીને દર મુદતે મધ્યસ્થ જેલ, સાબરમતી, અમદાવાદથી અત્રેની કોર્ટમાં રૂબરૂ લાવવા–લઈ જવા પાછળ

સમયનો તથા નાણાનો ખૂબ જ વ્યય થાય તેમ છે. આ સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં હાલની અરજી લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>આ ખ રી હુ ક મ</u> ::-**

(૧) હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે તથા આ કામના આરોપી- મોહમદ ઈબ્રાસ ઉર્ફે ફૈયુ સુકરી અમીનભાઈ બરફવાલા હાલ લાલગેટ પોલીસ સ્ટેશન પાર્ટ-"એ" ગુના રજિ. નંબર-૧૧૨૧૦૦૬૧૨૨૦૨૭૪/૨૦૨૨ થી આઈ.પી.સી. કલમ-૩૦૨, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) તથા આર્મ્સ એકટની કલમ-૨૫(૧-બી)(એ), ૨૭, ૩ મુજબના ગુનાના કામે સેન્ટ્રલ જેલ, સાબરમતી, અમદાવાદ ખાતે જયુડિશિયલ કસ્ટડીમાં હોય, તેઓને ત્યાંથી ટ્રાન્સફર કરી, સેન્ટ્રલ જેલ, નવસારી ખાતે ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ તબકકે એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, જો ઉપરોકત આરોપીને સેન્ટ્રલ જેલ, નવસારી ખાતે ટ્રાન્સફર કર્યા બાદ આરોપીનું વર્તન, જેલની શિસ્ત, સલામતીથી વિપરિત હોય અથવા કોઈ પણ પ્રકારે ગેરવર્તન કે ગેરવર્તાવ કરશે તો તેઓને પુનઃ આ અદાલત દ્વારા અન્ય જેલમાં ટ્રાન્સફર કરવાની નાછૂટકે ફરજ પડશે.

(૩) આ હુકમ મુજબ અધિક્ષકશ્રી, સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ તથા અધિક્ષકશ્રી, જિલ્લા જેલ, નવસારીને જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તારીખઃ **૦૬**[શ્રી] માહે **જાન્યુઆરી,** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૧/૨૦૨૫.
સ્થળઃ સુરત.

**(વિનોદ વી.પરમાર)**
ચોથા અધિક સત્ર ન્યાયાધીશ,
સુરત
(Unique I.D.Code No.GJ01514)

TMP